આંક–
રજૂ તારીખ ૨૮/૦૨/૨૦૨૬
નોધ્યા તારીખ ૨૮/૦૨/૨૦૨૬
ફેંસલ તારીખ ૦૯/૦૩/૨૦૨૬
સમયગાળો વર્ષ માસ દિવસ
૦૦–૦૦–૦૯

**ખેડા જિલ્લાના મે. ત્રીજા એડિશનલ સેશન્સ જજ સાહેબની અદાલતમાં, મુકામ–નડિયાદ.**

**ક્રિમિનલ પરચૂરણ અરજી નં. : ૨૫૪/૨૦૨૬**
**(એન.ડી.પી.એસ. કેસ નં.૦૧/૨૦૨૫)**

**<u>અરજદાર :–</u>** **મહંમદ મુબ્બીર સુલેમાન કુન્જુ**
ઉં.વ.૩૦, ધંધો–વેપાર
રહે.પડિંજરેવથુથરાચિલ, નિરામન ઉત્તર, તિરૂવલ્લા કડાપરા, પથનમથિટ્ટ, રાજ્ય–કેરાલા

*વિરૂદ્ધ*

**<u>સામાવાળા :–</u>** **સરકાર શ્રી**

બાબત :– બી.એન.એસ.એસ કલમ–૪૮૩ (૧) મુજબ પાસપોર્ટ પરત મેળવવાની અરજી

---

**અરજદાર તરફે વિદ્વાન વકીલ શ્રી ડી. જે. સોઢા**
**સામાવાળા તરફે વિદ્વાન વિ.પી.પી. શ્રી ડી. આર. બારોટ**

---

# // **ચુકાદો** //

(૧) અરજદારની સામે તા.૨૯–૧૦–૨૦૨૪ નારોજ સેવાલીયા પોલીસ સ્ટેશનમાં ફ.ગુ.રજી. પાર્ટ બી–નં.૧૧૨૦૪૦૬૭૨૪૦૪૫૨/૨૦૨૪ થી એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૨(સી), ૨૯ મુજબ ગુનાના કામે અરજદારનો ભારતીય પાસપોર્ટ સેફ કસ્ટડી નંબર–૧૪/૨૦૨૫ થી પાસપોર્ટ નંબરઃ N–૭૯૦૦૪૨૨ કે જે તા.૦૫/૦૮/૨૦૨૫ નારોજ નામ ડીસ્ટ્રીકટ કોર્ટમાં જમા કરાવેલ છે અને ત્યારબાદ અરજદારે અત્રેની કોર્ટમાં જામીન ઉપર મુકત થવા સારૂ જામીન અરજી કરેલ હતી અને તે જામીન અરજી નામંજુર થતા અરજદારે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ક્રીમી. મીસ. એપ્લી. નં–૭૩૯૬/૨૦૨૫ થી કરેલ હતી. ત્યારબાદ અરજદારને નામ. ગુજરાત હાઈકોર્ટમાંથી જામીન ઉપર મુકત કરેલા છે અને તે વખતે નામ. ગુજરાત હાઈકોર્ટની શરત મુજબ નામદાર ડીસ્ટ્રીક્ટ કોર્ટમાં પાસપોર્ટ જમા કરાવવાનો રહેશે અને એ રીતે અરજદાર/આરોપીએ તા.૦૫/૦૮/૨૦૨૫ ના રોજ પાસપોર્ટ જમા કરાવેલ હતો અને તા.૧૫/૦૩/૨૦૨૬ નારોજ પાસપોર્ટ રીન્યુ કરાવવાનો હોય તેમજ તેજ તારીખે પાસપોર્ટની તારીખ પણ પુરી થઈ જાય તેમ છે. જેથી પાસપોર્ટ રીન્યુની તારીખ ઉપર પાસપોર્ટ રીન્યુ ના કરાવીએ તો અરજદાર/આરોપીને ભારે રકમનો દંડ થાય તેમ છે. જેથી અરજદાર/આરોપીને પાસપોર્ટની જરૂરીયાત હોય જે પાસપોર્ટ કચેરીમાં રજૂ કરવાનો હોય પાસપોર્ટ પરત મેળવવા અરજદારે હાલની અરજી કરેલ છે.

(૨) અરજદારે તેની અરજીના સમર્થનમાં અરજી સાથે પાસપોર્ટની ઝેરોક્ષ નકલ, અરજદારના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ રજૂ કરેલ છે.

(૩) અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી ડી. જે. સોઢા તથા સામાવાળા સરકાર તરફે વિધ્વાન પી.પી.શ્રી ડી. આર. બારોટની દલીલો સાંભળી.

(૪) અરજદારના વિધ્વાન વકીલશ્રીએ રજુઆત કરેલ છે કે, અરજદારને પાસપોર્ટ રીન્યુ કરાવવા માટે પાસપોર્ટની જરૂર છે અને પાસપોર્ટ તા.૧૫/૦૩/૨૦૨૬ ના રોજ રીન્યુ કરવાનો હોય તેમજ તેજ તારીખે પાસપોર્ટની તારીખ પણ પુરી થઈ જાય તેમ છે. જેથી પાસપોર્ટ રીન્યુની તારીખે પાસપોર્ટ રીન્યુ ના કરાવીએ તો અરજદારને ભારે રકમનો દંડ થાય તેમ છે અને અરજદારનો ભારતીય પાસપોર્ટ સેફ કસ્ટડી નં.૧૪/૨૦૨૫ થી પાસપોર્ટ નં. એન–૭૯૦૦૪૨૨ કે જે તા.૦૫/૦૮/૨૦૨૫ ના રોજ ના.કોર્ટમાં જમા કરાવેલ છે તે પરત આપવા અરજ ગુજારેલ છે અને નામ. કોર્ટ જે કંઈ શરતો ફરમાવશે તે તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાની ખાતરી આપેલ છે.

(૫) સરકાર તરફે પી.પી.શ્રી ડી.આર.બારોટે તેમની દલીલોમાં જણાવેલ છે કે ના.ગુજરાત હાઈકોર્ટે ફોજદારી અરજી નં.સી.આર.એમ.એ.૭૩૯૬/૨૦૨૫ ના કામે જામીન શરતોના આધારે જમા લીધેલ પાસપોર્ટ આરોપીને પરત આપવામાં આવે તો આરોપી બહારના રાજ્યનો હોય પરત નહીં જમા કરાવી બહારના દેશમાં નાસી ભાગી જવાની શક્યતા રહેલી હોય અરજદાર/આરોપીને પાસપોર્ટ પરત નહીં કરવા રજૂઆત કરેલ છે.

(૬) પક્ષકારોને સાંભળ્યા, રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ તથા પોલીસ અભિપ્રાય ધ્યાને લીધો. અરજદાર/આરોપીનો ભારતીય પાસપોર્ટ સેફ કસ્ટડી નં.૧૪/૨૦૨૫ થી પાસપોર્ટ નં.એન–૭૯૦૦૪૨૨ કે જે તા.૦૫/૦૮/૨૦૨૫ ના રોજ અત્રેની કોર્ટમાં જમા લીધેલ છે. જે પાસપોર્ટ અરજદાર/આરોપીએ ના.ગુજરાત હાઈકોર્ટમાં ક્રિ.મી.અ–૭૩૯૬/૨૦૨૫ થી જામીન પર મુક્ત થવાની અરજી કરેલ અને જે અરજીમાં નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા આરોપીને જામીન મુક્ત કરેલ છે અને નામ. ગુજરાત હાઈકોર્ટની શરત મુજબ અરજદાર/આરોપીએ સદરહુ પાસપોર્ટ કોર્ટમાં જમા કરાવેલ છે. જે પાસપોર્ટ અરજદાર/આરોપીએ તા.૧૫/૦૩/૨૦૨૬ ના રોજ રીન્યુ

કરાવવાનો હોય તેમજ તેજ તારીખે પાસપોર્ટની તારીખ પણ પૂર્ણ થતી હોય અરજદાર/આરોપીને પાસપોર્ટ રીન્યુ કરાવવા માટે શરતોને આધિન આપવાનું યોગ્ય જણાતું હોય, અરજદાર/આરોપી દ્વારા નીચે મુજબ ડિપોઝીટની રકમ જમા કરાવ્યેથી શરતોને આધિન પાસપોર્ટ રીન્યુ કરાવવા આપવા માટે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## **– : હુ ક મ : –**

**(૧)** અરજદારની ક્રિ.પિ.અ.નં.૨૫૪/૨૦૨૬ આથી મંજૂર કરવામાં આવે છે.

**(૨)** સેવાલીયા પોલીસ સ્ટેશનના ફ.ગુ.રજી. પાર્ટ–બી નં.૧૧૨૦૪૦૬૭૨૪૦૪૫૨/૨૦૨૪, એન.ડી.પી.એસ. એક્ટની કલમ–૮(સી), ૨૨(સી), ૨૯ મુજબના ગુનામાં નામ. ગુજરાત હાઈકોર્ટમાં ક્રિ.પ.અ. નં.૭૩૯૬/૨૦૨૫ ની જામીનની શરતોને આધારે અત્રેની કોર્ટમાં સેફ કસ્ટડી નં.૧૪/૨૦૨૫, પાસપોર્ટ નં.એન–૭૯૦૦૪૨૨ તા.૦૫/૦૮/૨૦૨૫ ના રોજ જમા કરાવેલ પાસપોર્ટ અરજદાર/આરોપીને રૂ.૧,૦૦,૦૦૦/– ( અંકે રૂ. એક લાખ પુરા) ડિપોઝીટ પેટે જમા કરાવેથી રીન્યુ કરવા માટે પરત સોંપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

**શરતો :–**

(૧) પાસપોર્ટ રીન્યુ કરાવ્યા બાદ તાત્કાલિક અરજદાર/આરોપીએ સદરહુ પાસપોર્ટ નામ. હાઈકોર્ટના હુકમ મુજબ અત્રેની કોર્ટમાં પરત જમા કરાવવો.

(૨) પાસપોર્ટ રીન્યુ કરાવ્યા બાદ તેનો મુસાફરી માટે ઉપયોગ કરી શકશે નહી.

(૩) મુદ્દામાલ જુનો પાસપોર્ટ સંપૂર્ણ દેખાઇ આવે તેવી રીતે બે નકલમાં ફોટોગ્રાફ પડાવી અત્રેની અદાલતમાં સદર ગુનાના કેસ સાથે રજૂ

રાખવા.

ઉપરોક્ત શરતોનો ભંગ થયેથી ત.ક. અમલદારે અરજદાર પાસેથી મુદ્દામાલ પાસપોર્ટ પરત મેળવવાનો રહેશે/જપ્ત કરવા કાર્યવાહી કરી શકશે.

હુકમની જાણ પો.સ્ટે. યાદીથી કરવી.

**ચુકાદો આજ તારીખ ૦૯મી માહે–માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.**

તારીખ :– ૦૯/૦૩/૨૦૨૬
નડીઆદ.

**(પ્રકાશકુમાર પી.પુરોહીત)**
ત્રીજા અધિક સેશન્સ જજ,
નડીઆદ.
કોડ.જી.જે.૦૦૬૮૫